### પાલિકાના પ્રી-મોન્સૂન દાવા પોકળ?

# દાંડિયાબજાર ગરનાળા પાસે કચરાના ઢગલા

**રોગચાળાની દહેશત : સામાન્ય વરસાદમાં પણ બે ફૂટ પાણી ભરાતા વેપારીઓને આર્થિક નુકસાનની ચિંતા**

(પ્રતિનિધિ) વડોદરા તા.29
ચોમાસાની શરૂઆત પૂર્વે જ વડોદરા શહેરના ઐતિહાસિક અને વ્યસ્ત એવા દાંડિયા બજાર વિસ્તારના સ્થાનિક રહીશો અને વેપારીઓમાં તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીને લઈને ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્થાનિકોએ વડોદરાના મેયર સમક્ષ પોતાની પ્રાથમિક અને વર્ષો જૂની સમસ્યાઓનો તાકીદે નિકાલ લાવવા માટે ઉગ્ર અપેક્ષા વ્યક્ત કરી છે. ખાસ કરીને આ વિસ્તારમાં આવેલા ગરનાળા પાસે સર્જાતી ગંદકી અને જળબંબાકારની સ્થિતિને કારણે સ્થાનિક લોકોનું જીવવું દુષ્કર બની ગયું છે.



સ્થાનિક વેપારીઓએ પોતાનો આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, દાંડિયા બજાર વિસ્તારમાં આવેલા નાળામાં કચરાનો મોટો ભરાવો થઈ જાય છે. તંત્ર દ્વારા આ કચરાની સફાઈ નિયમિત રીતે કરવામાં આવતી નથી, જેના કારણે અહીં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. આ ગંદકીના લીધે સમગ્ર વિસ્તારમાં મચ્છરોનો ભારે ત્રાસ વધી ગયો છે, જેથી રોગચાળો ફાટી નીકળવાનો ભય સતત સતાવી રહ્યો છે. વેપારીઓનો આરોપ છે કે ગરનાળાની બાજુમાં જ આવેલી દુકાનો પાસે કચરાના મોટા ઢગલા પડ્યા રહે છે અને કોઈ સફાઈ કર્મચારી ત્યાં ડોકાતો પણ નથી. ભૂતકાળમાં અનેક રજૂઆતો કરવા છતાં વહીવટી તંત્ર કે સ્થાનિક લોકપ્રતિનિધિઓ દ્વારા આ ગંભીર સમસ્યા તરફ આંખ આડા કાન કરવામાં આવ્યા છે. સૌથી મોટી આફત ચોમાસા દરમિયાન સર્જાય છે, જે અંગે વેપારીઓએ ભારે ચિંતા વ્યક્ત કરી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ચોમાસામાં માત્ર 15 મિનિટના સામાન્ય વરસાદમાં પણ આ વિસ્તારમાં દોઢથી બે ફૂટ જેટલા પાણી ભરાઈ જાય છે. આ માર્ગો પરથી પાણીનો નિકાલ ન થવાને કારણે વરસાદી પાણી સીધા વેપારીઓની દુકાનોમાં ઘૂસી જાય છે. વર્ષોથી આ સ્થિતિ સર્જાતી હોવા છતાં પાલિકા તંત્ર દ્વારા પાણીના નિકાલની કોઈ કાયમી વ્યવસ્થા કરવામાં આવી નથી. દર વર્ષે દુકાનોમાં પાણી ભરાઈ જવાને કારણે વેપારીઓને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવે છે. હાલમાં જ્યારે શહેરમાં નવા મેયર કાર્યભાર સંભાળી રહ્યા છે, ત્યારે દાંડિયા બજારના નાગરિકો અને દુકાનદારો એક જ આશા રાખીને બેઠા છે કે મેયર અંગત રસ દાખવીને પાણી ભરાવાની આ ગંભીર સમસ્યા અને ગરનાળા પાસેના કચરાના નિકાલનું જલ્દીથી જલ્દી કાયમી નિવારણ લાવે.

### આરોપીના પરિવારનો અટલાદરા પોલીસ સ્ટેશનમાં ભારે હોબાળો

# યુવકને નગ્ન કરી માર મારનાર આરોપીનો પોલીસકર્મી પર હુમલો

(પ્રતિનિધિ) વડોદરા તા.29
થોડા દિવસો પહેલાં મોબાઈલ ફોન પરત માંગવાની સામાન્ય બાબતમાં છ શખ્સોએ ભેગા મળી 20 વર્ષીય યુવકનું કારમાં અપહરણ કર્યું હતું. આરોપીઓ યુવકને હરણી વિસ્તારમાં આવેલા ફાર્મહાઉસ પર લઈ ગયા હતા, જ્યાં તેને ઢોર માર મારવામાં આવ્યો હતો. એટલું જ નહીં, યુવકને નિર્વસ્ત્ર કરી તેનો વીડિયો પણ બનાવવામાં આવ્યો હોવાનો આરોપ છે. સમગ્ર મામલે અટલાદરા પોલીસ સ્ટેશનમાં લૂંટ, અપહરણ અને મારપીટનો ગુનો નોંધાયો હતો. આ કેસની તપાસ દરમિયાન પોલીસે આરોપી પ્રતિક અવરેન્દ્ર સિંગ, મનોજ બ્રિજલાલ યાદવ, નીલેશ ઉર્ફે નીલ સહાની અને તરૂણ રાજુભાઈ યાદવને પૂછપરછ માટે અટલાદરા પોલીસ સ્ટેશન ખાતે હાજર રહેવા સમન્સ પાઠવ્યા હતા.



ચારેય આરોપીઓને પોલીસ સ્ટેશનની એકાઉન્ટ અને ક્રાઈમ ઓફિસમાં બેસાડી પૂછપરછ ચાલી રહી હતી. તે દરમિયાન રાત્રિના સમયે આરોપીઓના પરિવારના કેટલાક સભ્યો પોલીસ સ્ટેશન ખાતે આવી પહોંચ્યા હતા. જેમાં બે મહિલાઓએ પોલીસ સ્ટેશનમાં જોરજોરથી બૂમરાણ મચાવી હોબાળો મચાવ્યો હતો. મહિલાઓએ પોલીસકર્મીઓને ગંદી ગાળો આપી ચારેય આરોપીઓને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હતો. જેના કારણે પોલીસની સરકારી કામગીરીમાં અડચણ ઊભી થઈ હતી. પરિસ્થિતિ તંગ બનતાં આરોપીઓ પણ ઉશ્કેરાઈ ગયા હતા. આરોપી પ્રતિક અવરેન્દ્ર સિંગે ફરજ પરના પોલીસકર્મીને ડાબા ખભાના ભાગે મુક્કો મારી હુમલો કર્યો હતો. ત્યારબાદ તેણે ક્રાઈમ ઓફિસ તરફની કાચની બારી પર મુક્કો મારી કાચ તોડી નાખ્યો હતો. ઘટનામાં સરકારી મિલકતને નુકસાન પહોંચ્યું હતું. હંગામા દરમિયાન પ્રતિક અવરેન્દ્ર સિંગે હું ઝેર પી જઈશ અને પોલીસને ફસાવી દઈશ તેવી ધમકી આપી હતી. અટલાદરા પોલીસે આરોપીઓ અને તેમના પરિવારજનો સામે સરકારી કામગીરીમાં અડચણ સહિતના ગુના નોધ્યા છે.

### કેરિયરની ધરપકડ કરવામાં આવી

# માંજલપુર વિસ્તારમાંથી ગાંજાનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા. તા.29
વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં શહેર એસઓજી દ્વારા સરસ્વતી કોમ્પ્લેક્સ ચાર રસ્તા પાસે આવેલા વિનાયક કોમ્પ્લેક્સ પાછળ બાતમીના આધારે દરોડા પાડવામાં આવતા ગાંજાનો જથ્થો ઝડપાયો હતો. કાર્યવાહી દરમિયાન પોલીસે એક શખ્સને કાર સાથે સ્થળ પરથી જ ઝડપી પાડ્યો હતો.
એસઓજીની ટીમને વિસ્તારમાં નશીલા પદાર્થોની હેરફેર થતી હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે પોલીસ દ્વારા વોચ ગોઠવી દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન આરોપી પાસેથી ગાંજાનો જથ્થો કબ્જે લેવામાં આવ્યો હતો. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને એફએસએલની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી અને નશીલા પદાર્થોના નમૂનાઓ એકત્ર કરવાની કાર્યવાહી



હાથ ધરી હતી. એસઓજી દ્વારા આરોપીની પૂછપરછ શરૂ કરવામાં આવી છે તેમજ ગાંજાનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો અને કોને પહોંચાડવાનો હતો તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે.સમગ્ર મામલે માંજલપુર પોલીસ અને એસઓજીની ટીમ દ્વારા પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## વડોદરામાં ૨૧ હજાર નાગરિકો વસ્તી ગતણરીની સ્વગણના પ્રક્રીયામાં થયા સહભાગી

વડોદરા :દેશના વિકાસના આયોજન માટે પાયાના તત્વ સમાન મહત્વની વસ્તી ગણતરીની પ્રક્રીયા ચાલી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા આ વખતે પ્રથમ વખતે ટેક્નોલોજીનો ઉપયોગ કરી સ્વગણતરીને પણ અમલમાં મૂકવામાં આવી છે. સેલ્ફ એન્યુમરેશન થકી નાગરિકો દ્વારા જ જનગણનામાં સહભાગી થવાને વડોદરા શહેર અને જિલ્લામાં સુંદર પ્રતિભાવ મળ્યો છે. જેમાં અત્યાર સુધીમાં ૨૧ હજાર જેટલા લોકોએ જાતે જ જનગણના કરાવી છે. કલેક્ટર તંત્ર પાસે ઉપલબ્ધ આંકડાઓ અનુસાર તા. ૨૯ના રોજ સવાર સુધીમાં ૨૧૫૪૮ લોકોએ ઓનલાઈન જનગણનામાં ભાગ લીધો છે. જેમાં ૧૮૮૭૯ લોકોએ પોતાના ફોર્મ સબમિટ કરાવી દીધા છે. જ્યારે ૨૬૬૯ લોકો આ પ્રક્રીયા હેઠળ હતા. આમ કુલ ૨૧૫૪૮ લોકો સેલ્ફ એન્યુમરેશનમાં સહભાગી બન્યા છે.

### આજવા રોડ પર મહિલાએ ઝેરી દવા ગટગટાવી

# વડોદરામાં આપઘાતનો પ્રયાસ, બે અલગ-અલગ ઘટનાઓથી ચકચાર

**વાઘોડિયા રોડ** પર યુવકે ફિનાઈલ પીધું, તપાસનો ધમધમાટ શરૂ કર્યો

(પ્રતિનિધિ) વડોદરા. તા.29
શહેરમાં આપઘાતના પ્રયાસના બે ચોંકાવનારા કિસ્સા સામે આવ્યા છે. જેમાં આજવા રોડ પર એક પ્રૌઢ મહિલાએ અગમ્ય કારણોસર ઝેરી પદાર્થ પી લીધો હતો, જ્યારે અન્ય એક બનાવમાં વાઘોડિયા રોડ પર એક યુવકે ફિનાઈલના ઘૂંટડા પી લેતા બંનેને તાત્કાલિક સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ બંને મામલે બાપોદ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને આગળની તપાસ શરૂ કરી છે. આજવા રોડ પર આવેલી આંબેડકર નગર વસાહતમાં રહેતા 45 વર્ષીય લતાબેન ભાભોર ગત રાત્રે આશરે 11:30 વાગ્યાની આસપાસ પોતાના ઘરે હાજર હતા. આ દરમિયાન કોઈ અગમ્ય કારણોસર તેમણે ઘરમાં રાખેલો કોઈ અજાણ્યો ઝેરી પદાર્થ પી લીધો હતો. ઝેરની અસર થતાં જ તેમને અચાનક ઉલટીઓ થવા લાગી હતી, જેથી પરિવારજનો ચિંતામાં મુકાઈ ગયા હતા.
લતાબેનને તાત્કાલિક અર્ધબેભાન અવસ્થામાં સારવાર માટે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તાકીદે તેમની સારવાર શરૂ કરી દીધી હતી. હાલમાં તેમની સ્થિતિ સુધારા પર હોવાનું તબીબી સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.
ઘટના અંગે બાપોદ પોલીસને જાણ કરાતા પોલીસે હોસ્પિટલ પહોંચી મહિલાના નિવેદનની તજવીજ હાથ ધરી છે. આપઘાતના પ્રયાસના બીજા એક બનાવમાં, ન્યૂ વી.આઈ.પી. રોડ પર આવેલા રાજીવ નગર-1 માં રહેતો 27 વર્ષનો યુવક હિમાંશુ ઘનશ્યામભાઈ જાલીહરે ગત રાત્રે 9:00 વાગ્યાની આસપાસ વાઘોડિયા રોડ પર પહોંચ્યો હતો. ત્યાં આવેલા ભવન્સ પાર્ટી પ્લોટની બિલકુલ સામે આવેલી 'નીલકંઠ લેબ'માં જઈને યુવકે અચાનક જ ફિનાઈલના ઘૂંટડા પી લીધા હતા. યુવકે જાહેરમાં આ પગલું ભરતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તેને તાત્કાલિક સારવાર માટે ખસેડાયો હતો. યુવકે આ આત્યંતિક પગલું કયા કારણોસર ભર્યું તે હજી જાણી શકાયું નથી. બાપોદ પોલીસે આ મામલે પણ ગુનો નોંધીને કારણ જાણવા માટે પૂછપરછના ચક્રો ગતિમાન કર્યા છે.

### આમોદ તાલુકાના વસાવા પરિવારમાં ભારે આક્રંદ

# ટ્રેક્ટરમાંથી પટકાયેલા પ્રૌઢનું સયાજી હોસ્પિટલમાં મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.29
ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના વલીપુર ગામે રહેતા અને ખેતીકામ સાથે જોડાયેલા એક પ્રોઢનું ટ્રેક્ટર પરથી અચાનક સંતુલન બગાડવાના કારણે નીચે પડી જતાં ગંભીર ઈજાઓ થઈ હતી. વડોદરાની સયાજી હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને વસાવા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. મળતી વિગત મુજબ, આમોદ તાલુકાના વલીપુર ગામે રહેતા 45 વર્ષીય જગદીશભાઈ ભાઈલાલભાઈ વસાવા ગત રોજ સવારે આશરે 10:30 વાગ્યાના અરસામાં પોતાનું ટ્રેક્ટર લઈને રોજિંદા કામ અર્થે નીકળ્યા હતા. આ દરમિયાન અચાનક કોઈ કારણોસર તેમનું સંતુલન ખોરવાઈ ગયું હતું અને તેઓ ચાલુ ટ્રેક્ટરે નીચે પટકાયા હતા. ટ્રેક્ટર પરથી નીચે પડતાં જ તેમને માથાના તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાતા જ આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોહીલુહાણ હાલતમાં જગદીશભાઈને પ્રથમ 108 મારફતે નજીકની જંબુસરની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે, તેમની ગંભીર હાલતને જોતા પ્રાથમિક ઉપચાર બાદ તબીબોએ વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે રીફર કર્યા હતા. વડોદરા ખાતે તબીબોની ટીમે તેમને બચાવવાના અથાગ પ્રયત્નો કર્યા હોવા છતાં, સારવાર દરમિયાન જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. 45 વર્ષીય જગદીશભાઈ વસાવાના અકાળે અવસાનથી પરિવારનો મુખ્ય આધાર સ્તંભ છીનવાઈ ગયો છે. આ દુઃખદ સમાચાર વલીપુર ગામે પહોંચતા જ સમગ્ર ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

### ૫.૫૦ લાખ બેઠક માટે ૨.૮૫ લાખ વિદ્યાર્થીઓએ નોંધાવી પસંદગી

# GCAS પહેલા રાઉન્ડનું રજિસ્ટ્રેશન પૂર્ણ, સરકારી યુનિ. માટે ૨.૮૦ લાખ ચોઈસ

ખાનગી યુનિવર્સિટીમાં માત્ર 30 હજારની ચોઇસ,એમએસયુમાં ૨૪,૦૩૩

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ દ્વારા સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટે ગત તા.7મીથી ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જે ગઈકાલે ગુરુવારે રાત્રે 11.59 મિનિટે પૂર્ણ થયા બાદ પ્રવેશ ફાળવણીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રાજ્યની તમામ સરકારી અને કેટલીક પ્રાઈવેટ યુનિવર્સિટી ઓમાં પ્રવેશ માટે કુલ 5.50 લાખ બેઠક માટે રાઉન્ડ-1માં 2.85 લાખ વિદ્યાર્થીઓએ ચોઈસ ફિલિંગની પ્રક્રિયા પૂર્ણ કરી છે. પૈકી 3,21,618 વિદ્યાર્થીઓએ તો બરોબર રજિસ્ટ્રેશન જ કરાવ્યું હતું. ચોઈસ પ્રક્રિયા દરમિયાન 2,92,190 વિદ્યાર્થીઓમાંથી ચોઈસ આપી હતી. જેમાંથી 2,82,770 વિદ્યાર્થીઓએ ફાઈનલ ચોઈસ આપી દીધી છે. સરકારી યુનિવર્સિટીઓમાં સૌથી વધુ ગુજરાત યુનિવર્સિટીની 71 હજારથી વધારે ચોઈસ આવી છે. બીજા ક્રમે નોર્થ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં 62 હજારથી વધારે ચોઈસ આપવામાં આવી છે. પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાંથી સૌથી વધુ એલ.જે. યુનિવર્સિટીમાં અને ત્યારબાદ સિલ્વર ઓક યુનિવર્સિટીમાં 45 હજારથી વધારે વિદ્યાર્થીઓએ ચોઈસ આપી છે. આમ, પ્રાઈવેટ માટે માત્ર 30 હજાર વિદ્યાર્થીઓએ ચોઈસ આપી છે. જેમા 15 સરકારી યુનિવર્સિટીઓની અંદાજે 2.50 લાખ વિદ્યાર્થીઓએ ચોઈસ આપી છે. ગુજરાત બહારની 6 કોલેજો એવી છે, જેમાં અન્ય રાજ્યોના 3,60,097 વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.

**સરકારી યુનિ.ઓમાં કેટલી ચોઈસ આપી**

| | |
|---|---|
| 1.ગુજરાત યુનિ. | 71,439 |
| 2.દક્ષિણ ગુજરાત યુનિ. | 62,782 |
| 3.ઉત્તર ગુજરાત યુનિ. | 39,868 |
| 4.સૌરાષ્ટ્ર યુનિ. | 40,965 |
| 5.સરદાર પટેલ યુનિ. | 23,217 |
| 6.ભાવનગર યુનિ. | 10,536 |
| 7.ગુરુ ગોવિંદ યુનિ. | 2,9832 |
| 8.એમ.એસ. યુનિ. | 2,4033 |
| 9.કચ્છ યુનિ. | 7,678 |
| 10.બાબાસાહેબ આંબેડકર યુનિ. | 4,613 |
| 11.જૂનાગઢ યુનિ. | 6,609 |

**રજિસ્ટ્રેશનનાં આંકડા**

| | |
|---|---|
| 1.કુલ બેઠક: | 5.50 લાખ |
| 2.રજિસ્ટ્રેશન: | 3,21,618 વિદ્યાર્થી |
| 3.ફાઇનલ ચોઇસ: | 2,82,770 વિદ્યાર્થી |
| 4.સરકારી યુનિ. ચોઇસ: | 2.80 લાખ |
| 5.પ્રાઇવેટ યુનિ. ચોઇસ: | માત્ર 30 હજાર |

### માત્ર રૂ. ૨૩૦૦ની ઉઘરાણી મુદ્દે યુવકને ઊઠાવી લીધો

# રૂપિયાની લેતી દેતી પ્રકરણમાં કલાલીમાંથી યુવકનું અપહરણ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
વડોદરાના કલાલી વિસ્તારમાંથી એક યુવકનું ઘર આંગણેથી જ અપહરણ કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. નજીવી રકમની ઉઘરાણી મુદ્દે ચારથી વધુ શખ્સોએ યુવકને જબરદસ્તી કારમાં બેસાડી હરણી વિસ્તારમાં આવેલા ફાર્મહાઉસ પર લઈ ગયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં અટલાદરા પોલીસ તાત્કાલિક હરકતમાં આવી હતી અને એલસીબી ઝોન-2ની ટીમ એક્શન માં આવી હતી અને યુવકને સહી સલામત છોડાવ્યો હતો. મળતી માહિતી મુજબ, કલાલી વિસ્તારમાં રહેતો લવકુશ તિવારી કલરકામનો ધંધો કરે છે. અગાઉ હરણી વિસ્તારમાં એક મકાનનું કલરકામ કર્યું હતું, જેમાં એક રૂમનું કામ બાકી રહ્યું હતું. આ મુદ્દે છેલ્લા કેટલાક સમયથી મકાન માલિક અને ઓળખીતાઓ દ્વારા કામ પૂર્ણ કરવા દબાણ કરવામાં આવતું હતું. યુવકનો દાવો છે કે માત્ર રૂ.2300ની બાબતમાં તેને ટાર્ગેટ બનાવવામાં આવ્યો હતો. બપોરના સમયે યુવક ઘર નજીકથી પસાર થતો હતો ત્યારે બ્લ્યુ કલરની કારમાં આવેલા શખ્સોએ તેને જબરદસ્તી ગાડીમાં બેસાડી દીધો હતો. બાદમાં ફરી યુવકના ઘરે પહોંચી ગાળો આપી મારકૂટ કરી ધમકી આપવામાં આવી હતી. ત્યારબાદ યુવકને સમા-હરણી લિંક રોડ નજીક આવેલા એક ફાર્મહાઉસ પર લઈ જવાયો હતો. ઘટનાની જાણ થતાં અટલાદરા પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. એલસીબી ઝોન-2ની ટીમે પણ ટેક્નિકલ અને ફિલ્ડ ઈનપુટના આધારે કાર્યવાહી હાથ ધરી યુવકને સુરક્ષિત રીતે છોડાવ્યો હતો. યુવકને બાદમાં પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો.

### રાહદારીઓ અને વાહનચાલકોના માથે તોળાતું અકસ્માતનું સંકટ

# સ્માર્ટ સિટીમાં સરેઆમ જોખમ: બ્રિજ નિર્માણના સળિયા બન્યા મોટી આફત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
વડોદરા સ્માર્ટ સિટીના સમા-સાવલી રોડ પર આવેલા અબેકસ સર્કલ પાસે હાલ ફ્લાયઓવર બ્રિજ બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. વિકાસના કાર્યો ઝડપથી થાય તે આવકારદાયક છે, પરંતુ તંત્ર અને કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી હવે સામાન્ય નાગરિકો માટે જીવનું જોખમ બની રહી છે. બ્રિજના બાંધકામમાં ઉપયોગમાં લેવાતા લોખંડના લાંબા અને વજનદાર સળિયાઓની હેરાફેરી માટે પાલિકાના વાહનો તેમજ ટ્રેક્ટરોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જોકે, આ સળિયાઓને ખુલ્લામાં કોઈપણ પ્રકારની સુરક્ષા કે સાવચેતી રાખ્યા વગર અત્યંત જોખમી રીતે વહન કરવામાં આવી રહ્યું છે. ટ્રેક્ટર કે અન્ય વાહનોની બહારની તરફ લટકતા આ લોખંડના સળિયા રસ્તા પરથી પસાર થતી અન્ય ગાડીઓ પર સ્ક્રેચ પાડી રહ્યા છે



અને વાહનોને મોટું નુકસાન પહોંચાડી રહ્યા છે. આ વિસ્તારમાંથી દરરોજ હજારો વાહનચાલકો, રાહદારીઓ અને વૃદ્ધો પસાર થાય છે, ત્યારે ખુલ્લેઆમ રસ્તા પર દોડતું આ જોખમ ગમે ત્યારે કોઈ નિર્દોષનો જીવ લઈ શકે છે તેવી ભીતિ સ્થાનિક લોકોમાં સેવાઈ રહી છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે વડોદરાના જાગૃત નાગરિકોમાં વહીવટી તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, વાહનોમાં પાછળ લટકતા આ ભારદારી સળિયાઓના કારણે જો કોઈ મોટો અકસ્માત સર્જાશે કે કોઈ નાગરિક ઈજાગ્રસ્ત બનશે, તો તેની જવાબદારી કોણ લેશે? તંત્ર દ્વારા નિયમો અને સુરક્ષાની વાતો માત્ર કાગળ પર જ કરવામાં આવતી હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આવી ઘોર બેદરકારીના કારણે અગાઉ પણ અનેક શહેરોમાં જીવલેણ અકસ્માતો સર્જાયા છે, ત્યારે વડોદરા મહાનગરપાલિકા અને સંબંધિત અધિકારીઓ કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોયા વગર તાત્કાલિક જાગે અને આ પ્રકારે અસુરક્ષિત રીતે થતી સામાનની હેરાફેરી પર કડક પ્રતિબંધ મૂકે તે જરૂરી છે. બાંધકામની સાઈટ પર અને વાહનોમાં સળિયા લઈ જતી વખતે પ્રોપર બેરિકેડિંગ, લાલ કપડું અથવા તો સુરક્ષાના સાધનો રાખવા અનિવાર્ય હોવા જોઈએ, જેથી નાગરિકોના જીવ અને સંપત્તિ બંનેની રક્ષા થઈ શકે.

**ગ્રહોની ચાલ** જ્યોતિષીય મહાખગોળ: 12 વર્ષના લાંબા અંતરાલ બાદ દેવગુરુ બૃહસ્પતિ પોતાની ઉચ્ચ રાશિ કર્કમાં કરશે મંગલ પ્રવેશ

# 2 જૂનથી ગુરુના રાશિ પરિવર્તનથી સર્જાશે 'હંસ રાજયોગ'

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
2 જૂન, 2026ના રોજ દેવગુરુ ગુરુ મિથુન રાશિમાંથી નીકળીને ચંદ્રની માલિકીની કર્ક રાશિમાં પ્રવેશ કરવા જઈ રહ્યા છે. નોંધનીય છે કે કર્ક રાશિ એ ગુરુની 'ઉચ્ચ રાશિ' છે, જ્યાં તેઓ સૌથી વધુ શક્તિશાળી અને સકારાત્મક ફળ આપવા માટે જાણીતા છે. પૂરા 12 વર્ષના લાંબા અંતરાલ બાદ ગુરુ પોતાની ઉચ્ચ રાશિમાં પધારી રહ્યા હોવાથી આ ખગોળીય ઘટના જ્યોતિષીય દ્રષ્ટિએ અત્યંત દુર્લભ અને અતિ શુભ માનવામાં આવી રહી છે. ગુરુ આ ઉચ્ચ રાશિમાં 2 જૂનથી લઈને 31 ઓક્ટોબર, 2026 સુધી બિરાજમાન રહેશે. જ્ઞાન, ભાગ્ય, સંતાન, સુખ, ધન-સંપત્તિ અને વૈવાહિક જીવનના કારક એવા ગુરુ ગ્રહનું આ મહાગોચર તમામ 12 રાશિઓ પર પ્રભાવ પાડશે, પરંતુ વિશેષ રૂપે છ રાશિઓ માટે આ સમયગાળો અત્યંત ભાગ્યશાળી અને વરદાનરૂપ સાબિત થવાનો છે. આ રાશિના જાતકોને આર્થિક, વ્યાવસાયિક અને પારિવારિક મોરચે અભૂતપૂર્વ સફળતા મળવાની સંભાવના છે.જાણીતા જ્યોતિષી પ્રદીપ પંડ્યાએ જણાવ્યું છે કે, "વૈદિક જ્યોતિષશાસ્ત્રમાં ગુરુને સૌથી પરમ કલ્યાણકારી ગ્રહ માનવામાં આવે છે, અને જ્યારે તેઓ પોતાની ઉચ્ચ રાશિ કર્કમાં પ્રવેશે છે ત્યારે તેમની શુભતા બમણી થઈ જાય છે. કર્ક એ જળતત્વની અને ચંદ્રની રાશિ છે, જે સંવેદનશીલતા અને શાંતિનું પ્રતીક છે. આ ગોચરથી દેશના અર્થતંત્રમાં સુધારો જોવા મળશે અને સોના-ચાંદી તેમજ અનાજના બજારમાં તેજી આવશે. વિશેષ કરીને મેષ, કર્ક, સિંહ, તુલા, વૃશ્ચિક અને મીન રાશિના જાતકો માટે ડબલ લાભ આપનારો રહેશે. 14 જુલાઈથી 12 ઓગસ્ટ દરમિયાન ગુરુ અસ્ત થવાના હોવાથીકોઈપણ મોટા ધાર્મિક કે માંગલિક કાર્યો કરવાથી બચવું જોઈએ.

**આ છ ભાગ્યશાળી રાશિઓને થશે મોટો ફાયદો**

**મેષ રાશિ:** મેષ રાશિના જાકો માટે આ ગોચર ચોથા ભાવમાં થવા જઈ રહ્યું છે, જે સુખ અને સંપત્તિનો ભાવ છે. લાંબા સમયથી ચાલી આવતી આર્થિક તંગી અને નાણાકીય મુશ્કેલીઓનો હવે અંત આવશે. અટકેલા નાણાં પરત મળશે અને ભૌતિક સુખ-સુવિધાઓ તેમજ વૈભવમાં જબરદસ્ત વધારો થશે. પિતૃ પક્ષ તરફથી કોઈ સંપત્તિનો લાભ મળી શકે છે અને ઘરમાં ધાર્મિક પ્રસંગોનું આયોજન થશે.

**કર્ક રાશિ:** ગુરુ આ જ રાશિમાં પ્રવેશ કરી રહ્યા હોવાથી કર્ક રાશિના જાતકો માટે આ સમય સુવર્ણ કાળ સમાન સાબિત થશે. લગ્ન ભાવમાં ગુરુના આગમનથી 'હંસ રાજયોગ'નું નિર્માણ થશે. જે જાતકો લાંબા સમયથી નવી નોકરીની શોધમાં છે અથવા વર્તમાન નોકરી બદલવા માંગે છે, તેમને શ્રેષ્ઠ તકો સાંપડશે. વ્યાપારમાં મોટો આર્થિક નફો થશે અને સમાજમાં માન-સન્માન તેમજ પ્રતિષ્ઠામાં વધારો થશે.

**સિંહ રાશિ:** સિંહ રાશિના જાતકો માટે કારકિર્દી ક્ષેત્રે આ ગોચર સોનેરી તકો લઈને આવી રહ્યું છે. વેપાર-ધંધા સાથે જોડાયેલા લોકોને મોટો આર્થિક ફાયદો થશે અને વિદેશી સ્ત્રોતો અથવા નવી ભાગીદારીથી મોટો વ્યાપારી સોદો પાર પડી શકે છે. નોકરીયાત વર્ગ માટે ઇચ્છિત જગ્યાએ બદલી અથવા લાંબા સમયથી અટકેલા પ્રમોશનના મજબૂત યોગ બની રહ્યા છે.

**તુલા રાશિ:** તુલા રાશિના લોકો માટે પ્રગતિના નવા માર્ગો ખુલશે. કાર્યક્ષેત્રમાં વરિષ્ઠ અધિકારીઓ તમારા કામની અને મહેનતની પ્રશંસા કરશે. નવી જવાબદારી અથવા મોટું પદ મળવાની પ્રબળ શક્યતા છે. આ સમયગાળા દરમિયાન તમારો આત્મવિશ્વાસ ચરમસીમાએ હશે, જેના કારણે વર્ષોથી અટકેલા કાર્યો ખૂબ જ ઝડપથી અને સરળતાથી પૂર્ણ થવા લાગશે.

**વૃશ્ચિક રાશિ:** ગુરુનું આ ગોચર વૃશ્ચિક રાશિના જાતકો માટે ભાગ્યભાવને જાગૃત કરનારું સાબિત થશે. રોજગાર અને વ્યવસાય ક્ષેત્રે નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ પહેલા કરતાં વધુ મજબૂત બનશે અને આવકના નવા સ્ત્રોતો ઊભા થશે. અણધાર્યા ધનલાભની સાથે પરિવારમાં ખુશીઓનું વાતાવરણ રહેશે અને સંતાન સુખની પ્રાપ્તિ થઈ શકે છે.

**મીન રાશિ:** મીન રાશિના જાતકો માટે પણ આ સમયગાળો આર્થિક અને શૈક્ષણિક બાબતોમાં ઉત્તમ પરિણામ આપનારો રહેશે. જૂના રોકાણોમાંથી મોટો નફો મળવાના સંકેત છે. જે વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ અથવા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા છે, તેમને આ સમયગાળામાં મોટી સફળતા મળી શકે છે. મન પ્રફુલ્લિત રહેશે અને આધ્યાત્મિક કાર્યો તરફ રૂચિ વધશે.

### મોડી રાત્રે અંદાજે ત્રણ વાગ્યાની આસપાસ ઘટના બની

# ઘી કાંટા રોડ પર ભોલેનાથ મંદિરની જર્જરિત દિવાલ ધડાકાભેર ધરાશાયી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.29
વડોદરા શહેરના હાર્દ સમાન રાવપુરા ટાવર ચાર રસ્તા નજીક આવેલા ઘી કાંટા રોડ પર એક મોટી દુર્ઘટના ઘટતા ટળી છે. અહીં પટની મહોલ્લાની બાજુમાં આવેલા વર્ષો જૂના ભોલેનાથ મંદિરની જર્જરિત દિવાલ અચાનક ધરાશાયી થઈ ગઈ હતી. સદનસીબે આ ઘટના મોડી રાત્રે અંદાજે ત્રણ વાગ્યાની આસપાસ બની હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી. જો આ ઘટના દિવસ દરમિયાન બની હોત, તો મોટી જાનહાનિ થવાની પૂરેપૂરી આશંકા હતી, કારણ કે આ સ્થળે દિવસભર લોકોની ભારે અવરજવર રહે છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ ભોલેનાથ મંદિરમાં સવારથી સાંજ સુધીમાં અંદાજે 400 થી 500 જેટલા શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે.



આ ઉપરાંત મંદિરની આસપાસના ખુલ્લા ભાગમાં વિસ્તારના નાના બાળકો પણ રમત-ગમત માટે એકત્રિત થતા હોય છે.
રાત્રિનો સમય હોવાથી ઘટનાસ્થળે કોઈ હાજર નહોતું, જેના કારણે કુદરતી રીતે એક બહુ મોટી આફત ટળી ગઈ છે. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. મંદિરની દિવાલ તૂટી પડવાની જાણ થતાં જ વડોદરા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક અસરથી ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટરોના જવાનોએ સ્થળ પર પહોંચીને કાટમાળ હટાવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દીધી હતી.
આ સાથે જ અકસ્માત કે શોર્ટ સર્કિટ ન થાય તે માટે જી.ઈ.બી.ની ટીમને પણ બોલાવી લેવામાં આવી હતી, જેમણે તાત્કાલિક ધોરણે વિસ્તારનો વીજ પુરવઠો અને કનેક્શન કાપી નાખીને સલામતી સુનિશ્ચિત કરી હતી.